ક્રમાંક:મઉમશબ/શાનિ/૨૫૦૭૦ /૨૫,૨૨૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦/બી, જૂનાસચિવાલય પાસે,
ગાંધીનગર. તા. 30/૧૦/૨૦૧૭

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી

તમામ (ગુજરાત રાજ્ય)

વિષય:- શાળાઓમાં સલામતીના ધોરણો જાળવવા બાબત.

સંદર્ભ:-૧) ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડના પરિપત્ર ક્રમાંક: મઉમશબ/ગ/૨૦૦૮/૬૯૬૦/૮૫, તા.૨૧/૦૭/૨૦૦૮.

૨) ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડના પરિપત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/૩૨૯, તા.૨૦/૦૭/૨૦૦૯.

૩) ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડના પરિપત્ર ક્રમાંક: મઉમશબ/શાનિ/૧૫૮૮૯/૯૨૭, તા.૨૮/૦૯/૨૦૧૭.

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે શાળાઓમાં બાળકોની સલામતી અને તમામ પ્રકારની સલામતીથી શાળાના સમય દરમ્યાન પુરતુ રક્ષણ મળી રહે તે હેતુથી સૂચના આપવામાં આવેલ છે. તે સૂચનાઓનું પાલન થાય, તેની ખાતરી કરી અહેવાલ બોર્ડને મોકલી આપવા જણાવવામાં આવે છે. શાળાઓમાં SVS શાળા વિકાસ સંકુલ અને QDC(ગુણવતા વિકાસ વર્તુળ)ની મીટીંગમાં પણ આ સંદર્ભે આચાર્યોને તાલીમ અપાય તે જોવા વિનંતી.

વધુમાં સંદર્ભ દર્શિત પત્ર-૩માં આપવામાં આવેલી સૂચનાઓમાં નીચે મુજબની સૂચનાનો સમાવેશ કરવામાં આવે છે જે મુજબની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

**" નાગરિકો, સ્ટાફ, વાલીઓ, વિદ્યાર્થીઓના ફરીયાદ નિવારણ માટે શાળાએ અલગથી એક સમિતિની રચના કરવાની રહેશે.**

**જાતિય સલામતી સંદર્ભે પોસ્કો (Protection of Children from Sexual Offences) Act – 2012 અંતર્ગત એક સમિતિની રચના કરવાની રહેશે. આ સમિતિની વિગતો અચૂકપણે શાળાના નોટીસ બોર્ડ અને વેબસાઈટ ઉપર મુકવાની રહેશે."**

શાળામાં ભણતા વિદ્યાર્થીઓની સલામતી અને સુરક્ષા જળવાય તે માટે ઉપરોકત તમામ સૂચનાઓનું શાળાઓ દ્વારા નિયત સમયમર્યાદામાં પાલન થવું જરૂરી છે. જેથી પ્રત્યેક શાળાઓના આચાર્ય પાસેથી પૂર્તતા અહેવાલ તા.30/૧૧/૨૦૧૭ સુધીમાં મેળવી સમગ્ર જિલ્લાની કામગીરીઓનો અહેવાલ અત્રેની કચેરીને તા.૧૦/૧૨/૨૦૧૭ સુધીમાં મોકલી આપવા વિનંતી છે.

(આર.આઇ.પટેલ)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર.

(પાછળ...

D:\sanny\સચિવ\r.i.patel sir.docx

<u>નકલ સવિનય રવાના</u>

૧)_અગ્ર સચિવશ્રી,(શિક્ષણ) શિક્ષણ વિભાગ, બ્લોક નં:_૫ ૭મો માળ નવા સચિવાલય ગાંધીનગર

૨) નિયામકશ્રી શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, જુના સચિવાલય, ગાંધીનગર.

૩) સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર.

૪) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨/૧, જુના સચિવાલય, ગાંધીનગર.